કોલવડા ગામમાં કાદવકીચડના માહોલને કારણે રોગચાળાનું જોખમ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરમાં ચોમાસની પહેલી સીઝન બાદ ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે જેણે કારણે શહેરમાં અનેક વિસ્તારમાં કાદવકીચડ સાથે જીવજંતુઓનો ઉપદ્રવ વધતા વાહકજન્ય રોગચાળાની સ્થિતિ સર્જાવા પામી છે. મહાનગરપાલિકાના વોર્ડ નં.૭માં સમાવિષ્ટ કોલવડા ગામમાં લાંબા સમયથી દરબાર ભાગોળ અને રાવળ વાસ વિસ્તારમાં પાણીના ભરાવાની સમસ્યા સતાવી રહી છે, જે અંગે સ્થાનિકો દ્વારા અનેક રજૂઆતો કરવા છતાં ઉકેલાતી નથી. આ વિસ્તારના જાહેર માર્ગો પર દુષિત પાણીના ભરાવાને કારણે આ વિસ્તારમાં માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ વધી ગયો છે જેના કારણે રોગચાળાની માહોલ સર્જાયો છે જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ, કોલેરા જેવા બીમારીના કેસોમાં વધારો થઈ રહ્યો છે. વળી, સતત કાદવકિચડની સમસ્યાને કારણે નજીકમાં આવેલી કન્યા શાળામાં ભણતી ગામની દિકરીઓને બારેમાસ ગંદકીમાં થઈને પસાર થવું પડે છે. સત્વરે આ વિસ્તારમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને પાણીના ભરાવાની સમસ્યાને ઉકેલવામાં આવે તેવી સ્થાનિક નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

દશનામ ગોસ્વામી મહામંડળ ગુજરાત દ્વારા પવિત્ર શ્રાવણ મહિનાના સોમવારના દિવસે ભારત માતા મંદિર સેક્ટર -૭ ખાતે બીલીના છોડના રોપણના કાર્યક્રમમાં હાજર રહી બીલી છોડ રોપવાનોનો અવસર પ્રાપ્ત થયો હતો.

રક્ષાશક્તિ સર્કલે ઓવરબ્રિજ બનાવવા હટાવાયેલા બસ સ્ટેન્ડનું પુનઃનિર્માણ જરૂરી

વિવિધ દિશામાં રોજિંદા અપડાઉન કરતા મુસાફરો માટે એક મહત્વનો પોઇન્ટ : વરસાદ અને તડકાની સતત બદલાતી રહેતી ઋતુમાં વાહનની રાહ જોઈને ઉભા રહેતા મુસાફરો માટે બસ સ્ટેન્ડના અભાવે પરેશાની



ગાંધીનગર તા. ૨૯

ગાંધીનગરનું પ્રવેશદ્વાર ગણાતા રક્ષાશક્તિ સર્કલ ખાતે ટ્રાફિકની સમસ્યા નિવારવા માટે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. જોકે ઓવર બ્રિજના નિર્માણ સાથે જ આ સર્કલ પાસે રહેલા બસસ્ટેન્ડને હટાવી દેવામાં આવતા મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. અત્યારે ચલી રહેલી ગમે ત્યારે વરસાદ અને ગમે ત્યારે તડકાની સતત બદલાતી રહેતી ઋતુમાં વાહનની રાહ જોઈને ઉભા રહેતા મુસાફરો માટે બસ સ્ટેન્ડ જેવા આશરાની જગ્યા છીનવાઈ જતા હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે જેના કારણે હટાવાયેલા બસ સ્ટેન્ડનું પુનઃનિર્માણ જરૂરી બન્યું છે.

કુડાસણ, રાંદેસણ જેવા ન્યુ ગાંધીનગરના વિસ્તારોના ધરખમ અને ઝડપી વિકાસ સાથે જ ધોળાકુવા પાસેનું રક્ષાશક્તિ સર્કલ ટ્રાફિક માટે અને આ સર્કલથી વિવિધ દિશામાં રોજિંદા અપડાઉન કરતા મુસાફરો માટે એક મહત્વનો પોઇન્ટ બન્યું છે. આ સર્કલેથી પાટનગરના સચિવાલય વિસ્તાર ઉપરાંત અમદાવાદ, ચિલોડા, દહેગામ, હિંમતનગર તેમજ કલોલ, મહેસાણા, વિજાપુર અને ગિફ્ટ સિટી તરફ જવા માટે છેલ્લા કેટલાક સમયમાં એક સેન્ટ્રલ પોઇન્ટ તરીકે ઊભરી આવ્યું છે. દરરોજ વહેલી સવારથી જ અહીંયા રોજિંદા તેમજ હંગામી મુસાફરો મોટી સંખ્યામાં પોતાના ગંતવ્ય સ્થાન તરફ જવા માટે ઉમડતા જોવા મળી રહ્યા છે. આ મુસાફરો માટે બસ ત્યારની બહારની રાહ જોવા માટે સર્કલની આસપાસ ધારાસભ્યની ગ્રાન્ટમાંથી બનેલા બસ સ્ટેન્ડ વિવિધ ઋતુમાં ઉભા રહેવા કે બેસીને થાક ઉતારવા માટેઆશીર્વાદરૂપ બન્યા હતા. જોકે આ આ સર્કલે સતત વધી રહેલા ટ્રાફિકની સમસ્યાને નિવારવા માટે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું જેને પગલે બસ સ્ટેન્ડને હટાવી લેવામાં આવ્યા છે. બસ સ્ટેન્ડ જવાને કારણે મુસાફર જનતાને ભારે પરેશાનીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ઓવરબ્રિજ બનીને કાર્યરત થઈ જવાને પણ લાંબો સમય વીતવા છતાં હજુ સુધી આ સર્કલ પાસે નવા બસ સ્ટેન્ડ બનાવવાનું કામ હાથ ધરાયું નથી જેને કારણે આ વિસ્તારની મુસાફર જનતામાં નિરાશાનો માહોલ પ્રવર્તી રહ્યો છે. સત્વરે આ સર્કલ પાસે નવા અત્યારધુનિક બસ સ્ટેન્ડ બનાવાય તેવી માંગ આ વિસ્તારના નાગરિકોમાં પ્રવર્તી રહી છે.

પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટની કામગીરીને રાજ્યકક્ષાના વનમંત્રીએ બિરદાવી

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગરની જીવદયા અને વન્યપ્રાણી સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટને તેમની સેવાકીય નિઃસ્વાર્થ સેવા બદલ વન અને પર્યાવરણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી મુકેશભાઈ પટેલ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું છે.

પાટનગરમાં નાગરિકો પ્રકૃતિ અને વન્ય જીવો પ્રત્યે અનહદ લાગણી ધરાવે છે અને આ શહેરમાં અનેક યુવાનો વન્ય જીવના સંરક્ષણ માટે કાર્ય કરત જીવા મળે છે. શહેરમાં "પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ" પણ એક એવી સંસ્થા છે જે આ ક્ષેત્રે સતત પ્રસંશનીય સેવા આપી રહી અને શહેરના યુવા વર્ગમાં પ્રકૃતિ પ્રત્યે લગાવ કેળવવા અનેકવિધ પ્રવૃતિઓ પણ કરતી રહે છે. આ સંસ્થા શહેરમાં સરિસૃપો અને વન્યજીવોના રેસ્કયુ કાર્ય માટે પણ કાર્યરત છે. તેઓની આ સેવાકીય કામગીરીને રાજ્યકક્ષાના વનમંત્રી મુકેશભાઈ પટેલે પ્રસંશા પત્ર લખીને બિરદાવી હતી જેના પગલે સંસ્થાના યુવા સ્વયંસેવકોમાં હર્ષની લાગણી પ્રસારવા પામી છે.

કોઈની રક્ષા કરવા બંધનમાં બંધાવું એટલે રક્ષાબંધન

શ્રાવણ પૂર્ણિમાના દિવસે બહેનો પોતાના ભાઈને રાખડી બાંધી તેનું સર્વ પ્રકારથી રક્ષણ થાય તેવું ઈચ્છે છે. શુધ્ધ ભાવે, ખરા અંતઃકરણપૂર્વક કોઈના કલ્યાણ માટે કરાયેલી પ્રાર્થના નિષ્ફળ જતી નથી. રક્ષાબંધન સ્ત્રી તરફ વિકૃત દ્રષ્ટિએ ન જોતા પવિત્ર દ્રષ્ટિ રાખવી એવો સંદેશ આપનાર પવિત્ર તહેવારને કુટુંબ-જાતિ કે ધર્મ પૂરતો મર્યાદિત ન બનાવતાં તમામની મંગલકામના અને વિશ્વકલ્યાણનો તહેવાર બનાવવો જોઈએ.

કોઈની રક્ષા કરવા બંધનમાં બંધાવું એટલે રક્ષાબંધન.ભાઈના જીવનવિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને શુભેચ્છાનું પ્રતિક,અંતરથી અપાયેલા આશીર્વાદનું કવચ, હેતભરી શુભ ભાવનાનું, ભગવાનને સાચા દિલથી કરેલી પ્રાર્થના વડે બનેલ સૂક્ષ્મ રક્ષણ એટલે રક્ષાબંધન.રાખડીનાં તાંતણામાં ભાઈ-બહેનનાં હૃદયનો પ્રેમ નીતરતો હોય છે.રાખડી એ ફક્ત સૂતરનો દોરો નથી પરંતુ શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે.પોતાનો ભાઈ એની અંદરનાં શત્રુઓ કામ ક્રોધ લોભ મોહ વગેરે ઉપર પણ વિજય મેળવે એવી આશા રાખે છે.રાખડી બાંધતી વખતે બહેન ભગવાનને જે પ્રાર્થના કરે તે પ્રાર્થનાના કવચથી ભાઈની રક્ષા થતી હોય છે.

પૌરાણિક કથા અનુસાર કુંતામાતાએ અભિમન્યુને રાખડી બાંધી કૌરવો સામે સાત કોઠાનું યુદ્ધ લડવા મોકલ્યો હતો. બહાદુરશાહે ચિત્તોડ પર ચઢાઈ કરી ત્યારે ચિત્તોડના મહારાજાની વિધવા રાણી કર્ણાવતીએ દિલ્હીના સુલતાન હુમાયુને ચિઠ્ઠી તથા એક રાખડી મોકલી મદદ કરવાની માગણી કરી હતી. હુમાયુએ પોતાનું સૈન્ય ચિત્તોડ મોકલ્યું પરંતુ દિલ્હીથી ચિત્તોડ દૂર હોવાથી બહાદુર શાહે ચિત્તોડનો કિલ્લા ઉપર જીત મેળવી અને રાણી કર્ણાવતીને બંદી બનાવવા કિલ્લામાં પ્રવેશ કર્યો.રાણી કર્ણાવતીએ બહાદુરશાહના હાથમાં આવીને અપમાનિત થવાને બદલે તમામ સ્ત્રીઓ સહિત સતી થવાનું પસંદ કર્યું. થોડા દિવસો બાદ હુમાયુ ચિત્તોડ પહોંચ્યો અને બહાદુરશાહને લડાઈમાં હાર આપીને ચિત્તોડ પર ફરી રાણાઓનું રાજ સ્થાપ્યું.રાણીના પુત્ર વિક્રમસિંહને ગાદી ઉપર બેસાડ્યા બાદ જ હુમાયુએ ચિત્તોડ છોડ્યું હતું.

બલીરાજાને ભગવાન વિષ્ણુએ વરદાન આપ્યું હતું કે પોતે તેનાં રાજ્યની રક્ષા કરશે.વરદાન અનુસાર પ્રભુ વૈકુંઠ છોડીને બલિરાજા સાથે તેનાં રાજ્યની રક્ષા માટે પાતાળમાં જવું પડ્યું બીજી બાજું લક્ષ્મીમાતા વૈકુંઠમાં એકલાં પડી ગયાં.પ્રભુને વૈકુંઠમાં પરત કેવી રીતે લાવવા? આ પ્રશ્ન ઊભો થયો. નારદે લક્ષ્મીમાતાને એક ઉપાય બતાવ્યો તે અનુસાર શ્રાવણી પૂનમના દિવસે માં લક્ષ્મી બલિના ઘરે જાય છે અને બલિરાજાને રાખડી બાંધે છે.બહેન જ્યારે રાખડી બાંધે ત્યારે ભાઈ પાસે જે કંઈ માગે તે આપવું જોઈએ એટલે બલીએ કહ્યું કે બહેન જે ઈચ્છા હોય તે માગો.લક્ષ્મીમાતાએ ભગવાન વિષ્ણુને તેમના વરદાનથી મુક્ત કરવા માંગણી કરી.આમ વૈકુંઠમાં ફરીવાર નારાયણ અને લક્ષ્મીનો મેળાપ થયો.

રક્ષાબંધનને બળેવ અથવા નાળિયેરી પૂનમ તરીકે પણ ઉજવવામાં આવે છે,સંતસમાજ જનોઈ બદલાવે છે.આ દિવસે ભારતના સાગરખેડુઓ માછીમારી કરવા દરિયો ખેડે છે.નાળિયેર અર્પણ કરીને તેઓ દરિયાદેવ પાસે પોતાની ખેપ સફળ થાય અને ખૂબ માછલીઓ પકડાય અને કોઈ વેપારી વહાણ હોય તો એનો માલસામાન સહીસલામત યોગ્ય સ્થળે પહોંચી જાય અને પરત ફરતી વખતે વહાણ ભરેલું જ આવે તેવી પ્રાર્થના કરે છે.

જ્યારે શિશુપાલ કૌરવસભામાં ભગવાન કૃષ્ણને ગાળો બોલવા લાગ્યો ત્યારે પોતાનાં ફોઈને આપેલા વરદાન પ્રમાણે તેની ૧૦૦ ભૂલોની ક્ષમા કરી.જેવો ૧૦૧મો અપશબ્દ નીકળ્યો કે તરત સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક કાપી નાખ્યું.તે સમયે ભગવાનની આંગળીમાંથી લોહી નીકળ્યું તે સમયે દ્રૌપદીએ પોતાની સાડીનો છેડો ફાડીને ભગવાનની આંગળી પર પાટો બાંધ્યો આ જોઈને પ્રભુએ દ્રૌપદીને આશીર્વાદ આપ્યા.તે દિવસે શ્રાવણમાસની પૂર્ણિમા હતી.જ્યારે હસ્તિનાપુરની રાજ્યસભામાં દુશાસન દ્રૌપદીનું વસ્ત્રાહરણ કરતો હતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ૯૯૯ ચીર પૂરીને દ્રોપદીની લૂંટાતી આબરૂ બચાવી હતી.આ રીતે રાખડી બાંધનાર બહેનની આબરૂ-શીલની રક્ષા કરવી તે દરેક ભાઈનું પરમ કર્તવ્ય બને છે.

આ દિવસે બલરામજયંતી પણ ઉજવવામાં આવે છે.ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામનો જન્મ પણ શ્રાવણી પૂનમનાં દિવસે થયો હતો.

રક્ષાબંધનનો આધ્યાત્મિક અર્થ છે પવિત્ર બનવું. નાશવંત શરીરમાં ચૈતન્ય આત્મા છે જે અજર અમર અવિનાશી છે. જેનો કોઈ નાશ કરી શકતું નથી તો શરીરની રક્ષાનું આટલું મહત્વ કેમ? આપણને મળેલ સમયનો સદુપયોગ કરી મનને વિકારોથી દૂર રાખવાના છે. બહેન ભાઈના કપાળ ઉપર જ્યાં આજ્ઞાચક્ર છે ત્યાં તિલક કરે છે કેમકે સમગ્ર પ્રવૃત્તિનું સંચાલન મગજ દ્વારા થાય છે તેથી જો મગજમાં સારા વિચારો આવશે તો સદપ્રવૃત્તિ થશે.મીઠાઈ ખવડાવી મોં મીઠું કરાવવાનો અર્થ છે મધુર વાણી બોલો,દ્વેષભાવ ન રાખો.

સ્ત્રીનો આદર સત્કાર થાય તો જ સંસ્કૃતિનું રક્ષણ થશે.વર્તમાન સમયમાં નિર્દોષ યુવતીઓ પર શારીરિક છેડછાડ,બળાત્કાર અને અપહરણ જેવી ઘટનાઓ બને છે તેથી દરેક પુરૂષનું કર્તવ્ય છે કે દરેક સ્ત્રીનું રક્ષણ કરે.રક્ષાબંધન સ્ત્રીના સન્માનનું પર્વ છે.દરેક સ્ત્રીઓને પોતાની બહેન માનીને તેનું રક્ષણ કરવું જોઈએ.

વિનોદભાઇ માછી નિરંકારી

શિક્ષણમંત્રીના હસ્તે દહેગામ તાલુકાની રામાજીના છાપરા પ્રા. શાળાના શિક્ષકનું સન્માન

ચિલોડા,તા. ૨૯

"માન.ડૉ. કુબેરભાઈ ડિંડોર, શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય" ના વરદ્ હસ્તે વાત્સલ્ય ફાઉન્ડેશન, મહેસાણા દ્વારા ગુરુવંદના કાર્યક્રમમાં "ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના રામાજીનાછાપરા પ્રા. શાળાના શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જર"નું સન્માનપત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષકશ્રી શિક્ષણના પવિત્ર કાર્ય સાથે જોડાઈ વિદ્યાર્થી માટે સતત અને અથાગ પ્રયત્નો કરતાં રહે છે તેમજ બાળકોના સર્વાંગી વિકાસ માટે નિત નવા પ્રયોગો,ક્રિયાત્મક સંશોધન, ઈનોવેશન,જનજાગૃતિ કાર્ય કરી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢવાનું કાર્ય કરી રહ્યા છે. ધર્મેશ ગજ્જરને અગાઉ તાલુકા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ, જિલ્લા શ્રેષ્ઠ એવોર્ડ, પ્રતિભાશાળી શિક્ષક એવોર્ડ, શ્રેષ્ઠ BLO એવોર્ડ, વિશ્વકર્મા રત્ન એવોર્ડ, તાલુકા ગૌરવ એવોર્ડ સન્માનપત્ર, જિલ્લા ગૌરવ એવોર્ડ સન્માનપત્ર આમ,૫૦ થી વધુ સન્માનપત્ર મળેલ છે.

વિદ્યારાજ વિદ્યાપીઠ સંકૂલમાં રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી નાના-નાના બાળકો દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી. (તસવીર : શૈલેન્દ્ર સોલંકી)

ટીટીએફ ૨૦૨૩ પશ્ચિમ ભારતનો ટોચનો ટ્રાવેલ શો બન્યો

મહાત્મા મંદિર ખાતે યોજાયેલા ટીટીએફ શોમાં ત્રણ દિવસમાં ટ્રાવેલ ટ્રેડના ૧૨હજારથી વધુ વિઝીટર્સ નોંધાયા

ગાંધીનગર, તા.૨૯

તાજેતરમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યોજાયેલા ટ્રાવેલ અને ટુરિઝમ ફેર (ટીટીએફ) ૨૦૨૩ તમામ અપેક્ષાઓ પાર કરીને અત્યાર સુધીનો સૌથી મોટો ટ્રાવેલ અને ટુરિઝમ ફેર બન્યો છે. શુક્રવારે આ શોનું સમાપન થયું છે અને તેને અભૂતપૂર્વ સફળતા પ્રાપ્ત થઈ છે. ગયા વર્ષની તુલનામાં આ બી૨બી સમારંભમાં બમણા ટ્રેડ વિઝીટર્સ હાજર રહ્યા હતા. અભૂતપૂર્વ બેઠકો યોજાઈ હતી અને જે બિઝનેસ ડીલ થયા હતા તેના કારણે દિવાળી, દશેરા અને આગામી શિયાળાની રજાઓમાં પ્રવાસન સ્થળો પ્રવાસીઓથી ધમધમી ઉઠશે.

ટ્રાવેલ અને ટુરિઝમ પેકેજીસ માટેના ઘનિષ્ટ પ્લેટફોર્મ ટીટીએફમાં ૧૫ દેશ અને ભારતના ૨૪ રાજ્યોના ૮૦૦થી વધુ અક્ઝીબીટર્સે પોતાના પેકેજીસ અને પ્રવાસન સ્થળો રજૂ કર્યા હતા. દિવાળીની મોસમ એ પ્રવાસ માટે દેશનો સૌથી વ્યસ્ત સમય ગણાય છે. દિવાળીના થોડાંક સમય પહેલાં યોજાતા આ સમારંભમાં વિવિધ ડેસ્ટીનેશન્સ, ટુરિઝમ પેકેજીસ તથા ટ્રાવેલ પ્રોડક્ટસની રજૂઆત થઈ હતી અને ૧૨,૦૦૦થી વધુ વિઝીટર્સે આ શોના ત્રણ દિવસ દરમ્યાન મુલાકાત લીધી હતી.

ફેરફેસ્ટ મિડીયાના ચેરમેન અને સીઈઓ સંજય અગ્રવાલ જણાવે છે કે "ટીટીએફ ૨૦૨૩ને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો છે અને ગયા વર્ષની તુલનામાં બમણી સફળતા હાંસલ થતાં તે આ પ્રદેશનો સૌથી મોટો ટ્રાવેલ ટ્રેડ શો બની રહ્યો છે. ટ્રાવેલ ટ્રેડ શોમાંથી આ ટ્રેડ શોને ભારે પ્રતિસાદ સાંપડ્યો છે. ટ્રાવેલ અને ટુરિઝમ ઈન્ડસ્ટ્રી અભૂતપૂર્વ તેજીનો સામનો કરી રહી છે અને ટ્રાવેલર્સ નવી પ્રોડક્ટસ અને ડેસ્ટીનેશન્સને આવકારવા આતુર બન્યા છે. ટીટીએફ ૨૦૨૩ દિવાળીની રજાઓની પીક સિઝન દરમ્યાન ટ્રેઈલબ્લેઝર બની રહ્યો છે. આગામી ટીટીએફ હૈદ્રાબાદ, પટના, દિલ્હીમાં બીએલટીએમ અને મુંબઈમાં ઓટીએમ ૨૦૨૪ અંગે અમે ભારે આશાવાદી છીએ. ટીટીએફ ૨૦૨૩ને ભવ્ય સફળતા અપાવવામાં તેમના યોગદાન માટે અમે અમારા તમામ પ્રદર્શકો અને સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ!"

અમદાવાદના ટ્રાવેલ એજન્ટસ અને ટુર ઓપરેટર્સ ઉપરાંત વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર અને સમગ્ર ગુજરાત ઉપરાંત પડોશી રાજ્યોમાંથી પણ સહયોગીઓ ટીટીએફ ૨૦૨૩માં હાજર રહ્યા હતા. આ એક્સક્લુઝીવ બીટુબી ઈવેન્ટની સફળતાને કારણે તે ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં કોલાબરેશન અને નેટવર્કને વેગ આપવાનું પસંદગીનું પ્લેટફોર્મ બની રહ્યો છે.